2012 International Year of Cooperatives


# GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION

Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380009.
Phone : 079-26589159, 26589179, Fax : 079-26584901 E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com


PROUDLY CO-OPERATIVE

પરિપત્ર ક્રમાંક: ૧૦/૨૦૧૩. તા.૨૩/૦૫/૨૦૧૩.
ક્રમાંક:જીયુસીબીએફ/૩૯/ ૨૧૮

પ્રતિ,
**તમામ સભાસદ નાગરિક સહકારી બેન્કો**

**વિષય:- નાગરિક સહકારી બેન્કોની ચુંટણી કરવા બાબત.**

સવિનય ઉપરોકત વિષયના અનુસંધાને અધિક રજીસ્ટ્રાર(વહીવટ/અપીલ) સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૨૨-૩-૨૦૧૩ના પત્ર ક્રમાંક: વહટ/૦૧/ક/કાસુ/૨૪૨/૧૩ થી તમામ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓને જાણ કરેલ છે. તે પત્રની નકલ આ સાથે સામેલ છે જે વંચાણે લઈ ઘટતી કાર્યવાહી કરવા વિનંતી છે.

ગુજરાત સહકારી મંડળી(સુધારા) વિધેયક ૨૦૧૩ની અમલવારી વિષે માર્ગદર્શન આપવા સંદર્ભે ફેડરેશનના ચેરમેનશ્રીએ તા.૬-૫-૨૦૧૩ના રોજ સહકાર સચિવશ્રીને પત્ર લખેલ છે તેની નકલ આપની જાણ સારૂ આ સાથે સામેલ છે.

આથી બેન્કની ચુંટણી સંદર્ભે જરૂર જણાય તો સંબંધિત જિલ્લા રજીસ્ટ્રારશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ**

(આર. એન. જોષી)
**ચીફ એકઝીકયુટીવ ઓફીસર**

બિડાણ:- ઉપર મુજબ.

COOPERATIVE ENTERPRISES BUILD A BETTER WORLD

અગત્યનું/વૈધાનિક
હાઈકોર્ટ મેટર

ક્રમાંક:વહટ/૦૧/ક/કાસુ/૨૪૨/૧૩
સહકાર કમિશનર અને
રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની
કચેરી,
બ્લોક નં.૧૦,પ્રથમ માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા.૨૨-૩-૨૦૧૩

પ્રતિ,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, તમામ

વિષય:- સ્પે.સી.એ.૧૩૭૩૩/૨૦૧૨ વીથ સ્પે.સી.એ.નં.૨૩૪૭/૨૦૧૩ના કેસમાં તા.૧-૩-૧૩ના ઓરલ જજમેન્ટ મુજબ ૯૭માં બંધારણીય સુધારાની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આ કચેરીના તા.૧૩-૩-૧૩ના પત્રક્રમાંક: વહટ/૦૧/ક/કાસુ/૨૦૬/૨૦૧૩ના પત્રથી સ્પે.સી.એ.૧૩૭૩૩/૨૦૧૨ વીથ સ્પે.સી. એ.નં.૨૩૪૭/ ૨૦૧૩ ના કેસમાં તા.૧-૩-૧૩ના ઓરલ જજમેન્ટ મુજબ ૯૭માં બંધારણીય સુધારાની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવા નકલ મોકલી આપેલ તે અંગે ૨૩૪ઝેડ(ક) બાબતે સહકારી કાયદામાં સુધારો ન થાય ત્યાંસુધી આપના જિલ્લાની કોઈપણ રાજ્ય કક્ષા / જિલ્લા કક્ષા /તાલુકા કક્ષા / એકથી વધુ જિલ્લાનું કાર્યક્ષેત્ર ધરાવતી સંસ્થા/પ્રાથમિક સહકારી મંડળીઓ કે અન્ય કોઈપણ સહકારી મંડળીની ચુંટણીની કાર્યવાહી તેમના પેટાનિયમ કે નિર્દિષ્ટ ચુંટણીના નિયમો-૧૯૮૨ અન્વયે હાથ નહી ધરવા સુચના આપવામાં આવે છે.આ સુચનાઓની વિનામુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા તેમજ જિલ્લાની સહકારી મંડળીઓ સુધી આ સુચનાઓ તાત્કાલિક પહોંચાડવા જણાવવામાં આવે છે. જેથી નામ.હાઈકોર્ટના હુકમનો અનાદરનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહી.

અધિક રજિસ્ટ્રાર(વહીવટ/અપીલ)
સ.મં.ગુ.રા.ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) મદદ જિલ્લા રજિસ્ટ્રાર(પંચાયત)સ.મં.,જિલ્લા પંચાયત (સહકાર શાખા) તમામ આ સુચનાઓની વિનામુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા તેમજ જિલ્લાની સહકારી મંડળીઓ સુધી આ સુચનાઓ તાત્કાલિક પહોંચાડવા વિસ્તરણ અધિકારી (સહકાર) મારફત કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે. જેથી નામ.હાઈકોર્ટના હુકમનો અનાદરનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહી.

(૨) માનનીય કલેક્ટરશ્રી, જીલ્લા કલેક્ટર કચેરી, તમામ.
જાણ થવા, જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

2012 International Year of Cooperatives

COOPERATIVE ENTERPRISES BUILD A BETTER WORLD

તા. ૬/૫/૨૦૧૩

પ્રતિ,
સચિવશ્રી,
શ્રી બ્રહ્મભટ્ટ સાહેબ
સહકાર અને ખેતી (પશુપાલન, ગૌસંવર્ધન, સહકાર),
ગુજરાત રાજ્ય, ૭મો બ્લોક, ૭મો માળ,
સચિવાલય,
ગાંધીનગર.

**વિષયઃ– ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક–૨૦૧૩ ની અમલવારી વિશે માર્ગદર્શન આપવા બાબત.**

માનનીય શ્રી બ્રહમભટ્ટ સાહેબ,

જયભારત સાથ જણાવવાનું કે ભારતની લોકસભામાં બંધારણનાં ૯૭ માં સુધારા ધ્વારા સહકારી કાયદાઓની કેટલીક જોગવાઈઓ લોકસભાએ પારીત કરેલ છે.

ત્યારબાદ રજીસ્ટ્રારશ્રી ગાંધીનગર ધ્વારા તા.૨૨–૩–૨૦૧૩ ના પરીપત્ર ધ્વારા હાઈકોર્ટની સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૨૪૩/૨૦૧૩ ને ધ્યાનમાં લઈ અને ચૂંટણીઓ સ્થગિત કરવા સુચના આપેલ હતી.

દરમ્યાન કેન્દ્રનાં ૯૭ માં બંધારણીય સુધારાના અર્થઘટન અંગે ગુજરાત હાઈકોર્ટનું એક જજમેન્ટ આવેલ છે. સાથે સાથે ગુજરાતની ધારાસભાએ ગુજરાત સહકારી મંડળી ( સુધારા) વિધેયક ૨૦૧૩ ધારાસભામાં પારીત કરેલ છે.

ઉપરોકત કાનુની કાર્યવાહી, અર્થઘટન ખાતા તરફથી આવેલ સુચનાઓ વિગેરે ધ્યાને લેતા કાનુની ગુંચ સર્જાયેલ છે.

દરમ્યાન અમારું નમ્ર સુચન છે કે જયાંસુધી આ બાબતની સ્પષ્ટતા ન થાય ત્યાંસુધી જુની પધ્ધતિ પ્રમાણે મંડળીઓને ચુંટણી કરવાની સત્તા ચાલુ રહેવી જોઈએ.

આ બાબત ખૂબ જ અગત્યની હોય આપનું ત્વરીત માર્ગદર્શન આપવા વિનંતી છે.

(સહી)

નકલ રવાનાઃ–

:૧: રજીસ્ટ્રારશ્રી,
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય,
સહકારી મંડળીઓના રજીસ્ટ્રારની ઓફિસ,
જુનું સચિવાલય, બ્લોક નં.૧૦–બી, ગાંધીનગર.

:૨: સહકાર મંત્રીશ્રી,
સહકારી મંડળી, ગાંધીનગર.

૩: કાયદા મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર

વિનંતી કે ઉપરોકત વિષય અંગે કાયદાનું અર્થઘટન તેમજ ત્વરીત નિર્ણય મળે તે જરુરી છે.

GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION

PROUDLY CO-OPERATIVE

Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380 009.
Phone : 079 - 26589159, 26589179, Fax : 079 - 26584901, E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com